# -: દાદી પ્રકાશમણીજી : સ્પીરીચ્યુઅલ વર્લ્ડ મધર :-

બાલ બ્રહ્મચારીણી રાજયોગીની દાદી પ્રકાશમણીજીનો જન્મ ઈ.સ. ૧૯૨૨ માં હાલના પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં હેદ્રાબાદ શહેરમાં ભક્તિ પરાયણ, સુખી કુટુંબમાં થયો હતો. તેમનું મૂળ નામ રમાં હતું. તેઓ બાળપણથી જ સાદગીભર્યું જીવન જીવતા હતા. તેઓ ભણવામાં પણ હોંશિયાર હતા. બ્રહ્માકુમારીના પ્રથમ મુખ્ય ટીચર મમ્મા તેમના કલાસમેટ હતા. ધો. ૧૦ (ટેન્થ) માં અભ્યાસ કરતા હતા ત્યારે, ઈ.સ. ૧૯૩૬મા તેમના જીવનમાં મહત્વની ઘટના બની ... ૧૪ વર્ષની નાની ઉમરે તેઓએ આધ્યાત્મિક રાહ પર પ્રયાણ કર્યું. એવી એ કઈ ઘટના હતી ? તેમના શહેર હેદ્રાબાદમાં પ્રજાપિતા બ્રહ્મા (મૂળ નામ દાદા લેખરાજ) નાં ઘેર સત્સંગ ચાલતો હતો... તેઓ પ્રથમ વાર આ સત્સંગમાં લાભ લેવા ગયા ત્યારે, પ્રજાપિતા બ્રહ્માને જોતા શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો. તેમની કૃષ્ણ દર્શનની ભાવના પુરી થતા ભાવવિભોર બની ગયા. ત્યાના ઓંમ-ધ્વનિના ઉચ્ચારણનાં રૂહાની વાતાવરણથી ખૂબ આકર્ષિત થયા. તેમને પ્રજાપિતા બ્રહ્માના સાકાર તનમાં અવતરિત થયેલા પરમપિતા નિરાકાર પરમાત્મા શીવબાબાને ઓળખવામાં જરાય વાર ન લાગી. પંદરેક વર્ષની નાની ઉંમરમાં જ અભ્યાસ છોડી દઈને, પોતાનું જીવન પ્રભુ પિતા શિવને સમર્પિત કરી દીધું. પાર્વતીની જેમ શિવને સાજન બનાવી પતિવ્રતા કહો કે, પરમપિતા શિવબાબાના અનન્ય લાડલા બાળકની જેમ પિતાવ્રત બનીને સમસ્ત જીવન ગાળ્યું.

ઈ.સ. ૧૯૩૬-૩૭ થી ઈ.સ. ૨૦૦૭ સુધી સાત દાયકા સુધી વિશ્વની સમસ્ત દુ:ખી પીડિત માનવ-જાતની બેહદની સેવામાં વિશ્વ કલ્યાણનું કાર્ય કરતા રહીને તા. ૨૫-૮-૦૭ ને શનિવારે ૧૦.૫ કલાકે આબુ તળેટી સ્થિત શાંતિવન પરિસરમાં ક્રમાંતીત અવસ્થા ધારણ કરીને ૮૬ વર્ષે પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. પાર્થિવ દેહને તા. ૨૬ રવિવારે માઉન્ટ આબુ ખાતેના સંસ્થાના અન્ય સંકુલો : પાંડવ ભવન, જ્ઞાનસરોવર, ગ્લોબલ હોસ્પિટલ, સ્પીરીચ્યુઅલ મ્યુંઝીયમ ખાતે દર્શન માટે લઇ જઈને તા.૨૭ને સોમવારે, સવારે ૧૦.૩૦ વાગે, કલેકટરની પરવાનગીથી, શાંતિવન પરિસરમાં, ભારતના વિવિધ પ્રાંતો તથા વિદેશોના મોટી સંખ્યામાં ઉપસ્થિત બ્રહ્માકુમાર ભાઈ-બહેનોની હાજરીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. હજારો લોકોએ પાર્થિવ દેહના દર્શન કરી, શ્રધ્ધાસુમન અર્પિત કરી, ભાવવહી શ્રધ્ધાંજલિ આપી. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નતમસ્તક ઝુકાવી દાદીજી તથા સંસ્થાના અનુપમ કાર્યને હૃદયથી બિરદાવ્યું. રાષ્ટ્રપતિ માનનીય પ્રતિભા પાટીલ સહિત દેશ વિદેશના અનેક રાજનેતા, ધર્મનેતા, વૈજ્ઞાનિકો, મહાનુભાવોએ શ્રધ્ધાંજલિના સંદેશાઓ પાઠવીને, વિશ્વદાદી પ્રત્યેનો અનુપમ પ્યાર વ્યક્ત કર્યો. મીડિયાની વિવિધ ચેનલોએ અંતિમ સંસ્કારનું જીવંત પ્રસારણ કરી દાદીનો સંદેશ વિશ્વમાં પ્રસરાવ્યો.

દાદી પ્રકાશમણી વિશ્વ દાદી કહો કે વિશ્વની અલૌકિક માં કઈ રીતે બન્યા ? તેઓ ધર્મરાજ યુધિષ્ઠિરની જેમ સત્યવચની હતા. જીદગીમાં તેઓ કદી જૂઠ બોલ્યા નથી કે કદી જૂઠ (ગલત) વ્યવહાર કર્યો નથી. એમ કહો કે તેમને જૂઠ બોલતા આવડતું જ ન હતું. તેઓ સત્યતાની દેવી સદા રહ્યા.

તેઓ પવિત્રતાની પ્રતિમૂર્તિ હતા. તેમની પવિત્ર રૂહાની દ્રષ્ટિથી અનેક આત્માઓએ પવિત્ર જીવંનનું વ્રત ધારણ કર્યું હતું. તેઓ રૂદ્રજ્ઞાન યજ્ઞમાં જોડાયા ત્યારથી જ અટલ સંપૂર્ણ નિશ્ચયબુધ્ધિ, પ્રભુ કાર્ય પ્રત્યે તથા બાબા પ્રત્યે રહ્યા. બાબાની તમામ આજ્ઞાઓને દિલથી શિરોમાન્ય રાખી, યજ્ઞરક્ષક વફાદાર ફરમાન –વરદાર બનીને રહ્યા.... તેઓ મીરાની જેમ ‘એક શિવબાબા, દૂસરા ન કોઈ’ અર્થાત અનાસક્ત નષ્ટમોહાં સ્મૃતિર્લબ્ધાની જેમ જીવન જીવ્યા. તેઓ કરુણામૂર્તિ દયાની દેવી હતા. રહમદિલ બનીને સર્વ પ્રત્યે શુભભાવના રાખીને, બધા પ્રત્યે પ્રેમભાવ તથા આદરભાવ દાખવ્યો. તેમણે વાણીની સાથે સાથે પોતાનાં આદર્શ આચરણથી, ગુણદાન કરતા રહીને, બ્રહ્માંવત્સોમાં ગુણો ભર્યા. તેઓ સદા સંતુષ્ટ, દિવ્યતા સંપન્ન, પ્રસન્નચિત્ત રહેતા. શાંતિ, મીઠા, પ્યારભર્યા વ્યવહારથી તેમણે અનેકોની ગમી દૂર કરી ખુશી બક્ષી. તેઓ જીવનપર્યંત છેલ્લા શ્વાસ સુધી બાબાના આદર્શ વિદ્યાર્થી બનીને રહ્યા. અમૃતવેળાનો પાવરફુલ યોગ, દરરોજ જ્ઞાનમુરલી દ્વારા સંભળાવ્યા પછી મુરલીનું ત્રણેક વખત અધ્યયન, એક્યુરેટ દિનચર્યા સમય, સંકલ્પ, શ્વાસને બેહદની સેવામાં સફળ કરીને, વિશ્વમાં લાખો લોકોના દિલમાં સ્થાન જમાવીને, તેમના દિવ્ય જીવનને ઉજાળતા રહ્યા.

ઈ.સ. ૧૯૬૯ નાં જાનુંઆરી મહિનામાં સંસ્થાના નિમિત્ત સ્થાપક પ્રજાપિતા બ્રહ્માએ પાર્થિવ દેહ છોડી, ફરિશ્તા બન્યા ત્યારે, બાબાએ દાદી પ્રકાશમણીજીને તેમની યોગ્યતા-શક્તિ-ગુણ જોઇને મુખ્ય પ્રશાશિકા બનાવી સંસ્થાનું સુકાન સોંપ્યું. દાદીએ ૩૮ વર્ષ યજ્ઞની બ્રહ્માકુમાર ભાઈ-બહેનોની માતૃત્વ તથા પિતૃત્વ પ્યારભરી પાલનાં કરી સંગઠનને મજબૂત બનાવી, વિશ્વવ્યાપી બનાવી દીધું.

દાદીએ વિભિન્ન જાતિભેદ, વર્ણભેદ, ધર્મભેદ, રંગભેદ, પ્રાન્તભેદને મિટાવી ‘વસુધેવ કુટુંબકમ ‘ ની ભાવના સર્વમાં જાગૃત કરવા, વિશ્વના એક ખૂણાથી બીજા ખૂણા સુધી ચારે દિશામાં અનેક વિશ્વયાત્રાઓ કરી. મમતામયી દાદીજીની વિશ્વવાણી ગુંજી ઉઠી અને માનવતાની મહેંક ચારે તરફ પ્રસરી ગઈ. જે બી.કે. ભાઈ-બહેનોએ બ્રહ્માબાબાને જોયા ન હતા, છતાં સદા ફોલોફાધર કરીને જીવન વ્યતિત કરનાર સ્પિરિચ્યુંઅલ વર્લ્ડ મધર અર્થાત વિશ્વ દાદીને જોઇને પોતાના જીવનને પ્રભુ સમર્પિત કરીને, વિશ્વકલ્યાણની બેહદ સેવામાં જોડાઈ ગયા. ફલ સ્વરૂપે સાકાર બાબાની હયાતી વખતે જે નાનું વૃક્ષ હતું તે હાલ વિશ્વ વ્યાપી વિરાટ વૃક્ષ બની ગયું.

દાદીજીના શ્રેષ્ઠ કુશલ પ્રશાશનને લીધે, અત્યારે વિશ્વના પાંચે મહા દ્વિપોમાં ૧૩૦ જેટલા દેશોમાં, ૮૦૦૦ થી વધુ સેવા કેન્દ્રોના માધ્યમથી, સંસારમાં આધ્યાત્મિક સશક્તીકરણ તથા માનવીય-નેતિક મૂલ્યોના

પ્રસાર દ્વારા સતયુગી દેવી દુનિયાના નવનિર્માણનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે.... ચાલો, આપણે સૌ પણ દાદીજીના જીવન ચરિત્રમાંથી દિવ્ય જીવન જીવવાનો બોધ મેળવીને, સ્વયંમાં રહેલી કમી કમજોરીઓની આહુતિ આપીને, દિવ્યગુણ સંપન્ન જીવન જીવવાનો દ્રઢ સંકલ્પ લઈને, દાદીજીના પ્યારનું ઋણ અદા કરીએ ....એમાજ આપણું સ્વહિત તથા સર્વનું હિત સમાયેલું છે.  યાદરાખો કે ‘જબ હમ બદ્લેંગે તો વિશ્વ બદલેગા’ પ્રકૃતિજીત દાદીના સન્માનમાં અગ્નિ સંસ્કાર થયા બાદ, વરૂણ દેવે અમીવર્ષા કરી ઠંડક પ્રસરાવી.

****